વંચાણમાં:-

(૧)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૬/૬૯૭૭૫૪/છ, સચિવાલય,ગાંધીનગર. તા-૦૯/૦૫/૨૦૧૮

(૨)સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) રીવાઇઝ્ડ સ્કીમ - ૨૦૧૪ પ્રકરણ-૧૦ના નિયમ - ૮(૬) અન્વયે.

નં.સસુખા/CPD/૨૦૧૮-૧૯/૧૨૮

નિયામક સમાજ સુરક્ષા ખાતું

તા:૧૦/૦૧/૨૦૧૯

## આદેશ

આથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ(ICPS)ની ગાઇડ લાઇનના પરિશિષ્ટ-૫ના પેરા-૪ મુજબ ખાસ કે વિશિષ્ટ જરૂરીયાતવાળા ૧૦ બાળકો રાખવા માટે ખાસ પ્રકારનું એક ગૃહ ઊભું કરવા વંચાણ-૧ થી મંજુરી આપવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં આવી જરૂરીયાતવાળા બાળકોને રાખવા બાબતે વ્યવસ્થા થયેલ ન હોઇ નીચે મુજબની બે સંસ્થાઓને વંચાણ-૧નાં ઠરાવ અનુસંધાને તેમની હાલની સંસ્થામાં આ વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકોને સાચવવા તથા તેના પુન:સ્થાપન માટે કાર્યો કરવા આ આદેશની તારીખથી હાલની સંસ્થામાં નવો વિભાગ શરૂ કરવા મંજુરી આપવામાં આવે છે.

મંજુરી આપેલ સંસ્થાની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | જિલ્લો | રાખવાના બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ,અમદાવાદ | અમદાવાદ | ૧૦ |
| ૨ | ચિલ્ડ્રન હોમ ફોર બોઇઝ,વડોદરા | વડોદરા | ૧૦ |

આ સંસ્થાઓમાં આ ૧૦ બાળકોના પુન:સ્થાપન તથા કાળજી માટે ૧૧ માસના કરાર આધારિત નીચે મુજબ સ્ટાફ વંચાણ-૧થી મંજુર કરવામાં આવેલ છે. જેની ભરતી અંગેની લાયકાતો વિભાગ તરફથી નિયત થયેથી અત્રેથી સુચના આપ્યા મુજબ મહેકમની ભરતી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફીક્સ પગાર રૂ. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | એક વિશિષ્ટ તાલીમ આપનાર વિશેષજ્ઞ | ૧ | રૂ.૧૪,૦૦૦/- |
| ૨ | એક મહિલા નર્સ | ૧ | રૂ.૧૦,૦૦૦/- |
| ૩ | એક સંભાળ લેનાર વ્યવસાયિક તાલીમના-સહ-ઇન્સ્ટ્રક્ટર | ૧ | રૂ.૭,૫૦૦/- |
| | કુલ- | ૩ | |

આ નવો વિભાગ શરૂ થતાં ઉપર દર્શાવેલ સ્ટાફ સિવાય અન્ય કોઇ સ્ટાફ ભરવા માટે અત્રેથી કોઇ જ મંજુરી આપવામાં આવશે નહિ તથા આ બાળકોની અન્ય દૈનિક પ્રવૃત્તિઓ ભોજન તથા તેમના સર્વાંગી પુન:સ્થાપનને લગતી આનુષાંગિક બાબતો હાથ ધરવા માટે સંસ્થાનું હાલમાં મંજુર થયેલ મહેકમની સેવાઓ જ આ બાળકોને સંસ્થાના વડાએ ઉપલબ્ધ બનાવવાની રહેશે.આ બાળકો પ્રત્યે કોઇ અલગતા ઉભી ન કરતાં તેઓ સંસ્થાના દરેક વિભાગ તરફથી મળતી સેવાઓ મેળવી શકશે અગર દરેક વિભાઓએ સંસ્થાના અન્ય બાળકોને પૂરી પડાતી સેવાઓ આ બાળકોને પણ સમાન ધોરણે ઉપલબ્ધ બનાવવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
(૧) જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ,અમદાવાદ
(૨) ચિલ્ડ્રન હોમ ફોર બોઇઝ,વડોદરા

નકલ રવાના જાણ સારૂ:-
(૧) નાયબ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારીશ્રી,સમાજ સુરક્ષા ખાતું,વડી કચેરી,ગાંધીનગરને જાણ સારૂ.
(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી(સર્વે જિલ્લા)ને જાણ સારૂ.
(૪) પોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગરને જાણ સારૂ.
(૫) ચેરમેનશ્રી, બાળ કલ્યાણ સમિતિ (સર્વે જિલ્લા)ને જાણ સારૂ
(૬) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી(સર્વે જિલ્લા)ને જાણ સારૂ.